ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૫ નવેમ્બર, ૨૦૨૪

વાઘબારસથી પર્વની ઉજવણી વચ્ચે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાંથી પરિવાર સાથે ખરીદી માટે ઉમટી પડતા લોકો

આણંદના બજારોમાં દિવાળીની ખરીદીનો ઉત્સાહ દેખાયો

ખાનગી કંપનીના કર્મચારીઓને બોનસ અને પગાર મળતાં ગ્રાહકોની ભારે ભીડ





(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદમાં પ્રકાશના પર્વ દિવાળીના પાંચ દિવસીય તહેવારોની ઉજવણી તૈયારીઓ સાથે શહેર સહિત સમગ્ર જિલ્લામાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો છે. નવા વર્ષના આગમનને વધાવવા અને તહેવારોની ઉજવણીને યાદગાર બનાવવા માટે લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને વાઘબારસથી દિવાળીના પર્વનો પ્રારંભ થતાં જ શહેરનાં મુખ્ય બજારો, વેપારી સંકુલો અને વિવિધ દુકાનોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી રહી છે. શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આણંદ સહિતનાં બજારોમાં આવી રહ્યા હોવાથી બજારોમાં ચહલપહલ અને રોનકમાં વધારો થયો છે.

આણંદની બજારમાં છેલ્લા ચાર દિવસથી બજારોમાં દિવાળીની ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ઘરની સજાવટ માટે માટીના દીવડા, રંગોળીના કલર, પૂજાની સામગ્રી, રેડીમેડ કપડાં, ફરસાણ, મીઠાઈ સહિતની વિવિધ ચીજવસ્તુઓની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર સતત વધી રહી છે. ખાસ કરીને નવા વર્ષના વધામણાં માટે નવા વસ્ત્રો ખરીદવા તેમજ સગાંસંબંધીઓ અને મિત્રોને મીઠાઈ-ફરસાણની ભેટ આપવા લોકો વિશેષ રસ દાખવી રહ્યા છે. સાંજના સમયે બજારોમાં ખરીદી માટે નીકળતા પરિવારોની સંખ્યામાં વધારો થતાં બજારોમાં દિવાળીનો માહોલ વધુ રંગીન બન્યો છે.

દિવાળીના તહેવારોમાં મીઠાઈ અને ફરસાણની ખરીદીનું વિશેષ મહત્ત્વ હોવાથી આ દુકાનોમાં પણ ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જોકે, ચાલુ વર્ષે ઘીની અછત અને તેના ભાવમાં થયેલા વધારાની અસર મીઠાઈના ભાવ પર પડી છે. વેપારીઓના જણાવ્યા મુજબ ઘીના ભાવમાં વધારાને પગલે મીઠાઈના ભાવમાં ગત વર્ષની સરખામણીએ કિલોએ અંદાજે ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે. તેમ છતાં તહેવારની પરંપરા અને ઉજવણીના ઉત્સાહને કારણે ગ્રાહકો દ્વારા મીઠાઈ-ફરસાણની સારી એવી ખરીદી કરવામાં આવી રહી છે.

બીજી તરફ, નોકરીયાત વર્ગને સમયસર બોનસ મળી રહેતાં ખરીદીના ઉત્સાહમાં વધારો થયો છે. પરિવાર સાથે બજારમાં આવીને કપડાં, ઘરવપરાશની ચીજવસ્તુઓ, મીઠાઈ અને તહેવારલક્ષી સામગ્રીની ખરીદી કરવા માટે લોકો આયોજનબદ્ધ રીતે નીકળી રહ્યા છે. આમ, નવા વર્ષના સ્વાગતની તૈયારીઓ વચ્ચે આણંદ શહેર સહિત જિલ્લાના બજારોમાં ખરીદીનો માહોલ જામ્યો છે અને વેપારીઓમાં પણ તહેવારો દરમિયાન સારા વેપારની આશા જાગી છે.

શિક્ષકો , પેન્શનરો અને મૃતકોના વારસદારોના પગાર તફાવતમાંથી બારોબાર ૩૫ લાખનો ટેક્સ કાપી લેવાતા પ્રચંડ રોષ

નડિયાદની નગર પ્રા.શિક્ષણ સમિતિનાં મનસ્વી વલણ સામે ઉગ્ર રોષ ભડક્યો

સમિતિએ ૧૦૪ શિક્ષકો અને કુટુંબ પેન્શનરો પાસેથી ૧૦ ટકા લેખે કપાત કરતાં રજૂઆત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. ૪

નડિયાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી દ્વારા શિક્ષકો અને પેન્શનરો પ્રત્યે અત્યંત અસંવેદનશીલ અને મનસ્વી વલણ અપનાવવામાં આવ્યું હોવાની ગંભીર બાબત સામે આવી છે. ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર નડિયાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકના શિક્ષકોને ૯ વર્ષની નોકરી પૂર્ણ થતાં રૂ. ૫૦૦૦ થી ૮૦૦૦ નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવ્યું હતું. પરંતુ આ હુકમ અન્વયે શિક્ષકોને મળવાપાત્ર પગાર તફાવતની રકમ ચૂકવતી વખતે શાસનાધિકારી દ્વારા કાયદાકીય જોગવાઈઓનું મનસ્વી અર્થઘટન કરી બારોબાર ટેક્સ કપાત કરી લેતાં શિક્ષક આલમમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

આ સમગ્ર ગેરરીતિ અંગે નડિયાદના જાગૃત નાગરિક દિનેશચંદ્ર રાવલ દ્વારા ખેડા જિલ્લા કલેક્ટર, પ્રાથમિક શિક્ષણ નિયામક અને જિલ્લા શિક્ષણાધિકારીને કડક શબ્દોમાં લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરવામાં આવી છે. શાસનાધિકારીની આ ગેરકાયદે કપાત માત્ર ચાલુ ફરજ પરના શિક્ષકો પૂરતી સીમિત રહી નથી, પરંતુ નિયમોનો સરેઆમ ભંગ કરીને નિવૃત્ત થઈ ચૂકેલા પેન્શનરો અને અવસાન પામેલા શિક્ષકોના વારસદારો (જેઓ કુટુંબ પેન્શન મેળવે છે) તેમના તફાવતમાંથી પણ ૧૦ ટકા લેખે રકમ કાપી લેવામાં આવી છે. જે શિક્ષકોની વાર્ષિક આવક તફાવતની રકમ સાથે રૂ. ૧૨.૭૫ લાખથી વધુ થાય છે તેવા કુલ ૧૦૪ શિક્ષકો અને પેન્શનરોના મળવાપાત્ર તફાવતમાંથી અંદાજે રૂ. ૩૫ લાખ જેટલી માતબર રકમ બારોબાર કાપી લેવાતા અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

તો અચાનક ઓક્ટોબર-નવેમ્બરથી જ કેમ?

શાસનાધિકારી દ્વારા ઈન્કમ ટેક્સ એક્ટ ૨૦૨૫ ની કલમ ૩૯૨ (અગાઉની કલમ ૧૯૨) હેઠળ આ કપાત કરી હોવાનો દાવો કરાયો છે. જોકે, ગત વર્ષ ૨૦૨૫ માં ૭૪ શિક્ષકો અને પેન્શનરોને લાખો રૂપિયાનો તફાવત ચૂકવતી વખતે આવી કોઈ ટેક્સ કપાત કરવામાં આવી ન હતી. રાજ્યના અન્ય કોઈ વિભાગ કે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિમાં પણ બારોબાર ટેક્સ કાપવાની આવી કોઈ પ્રથા નથી. ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૬ થી જ અચાનક આ કપાત શરૂ કરવા પાછળ કોની સૂચના છે તે અંગે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જરૂરી બની ગઈ છે.

કર્મચારીઓને રિફંડ માટે ધક્કા ખાવા પડશે

આવકવેરો ભરવો તે દરેક કર્મચારીની વ્યક્તિગત જવાબદારી છે અને તેમાં નિયંત્રણ અધિકારીની સીધી દખલગીરી સદંતર અયોગ્ય છે. તફાવતની રકમ પર આવકવેરા રિટર્ન ભરતી વખતે ફોર્મ ૧૦-E ભરીને આ રકમ વહેંચવામાં આવે તો ટેક્સની રકમ નહિવત થઈ જાય છે. પરંતુ શાસનાધિકારીની આ મનસ્વી કપાતને કારણે શિક્ષકો અને પેન્શનરોએ રિફંડ મેળવવા માટે આખું વર્ષ રાહ જોવી પડશે અને તેઓ પોતાના નાણાં પરનું વ્યાજ પણ ગુમાવશે.

તારાપુર પાસે એસ.ટી. બસની બ્રેક ફેલ થતાં અકસ્માત સર્જાયો



તારાપુર નજીક અમરેલી વિભાગના બગસરા ડેપોની બસ, જે સુરતથી બગસરા જઈ રહી હતી, તે તારાપુર વટાવી વટામણ ટોલનાકા પાસે પહોંચતા તેની બ્રેક ન લાગતા અકસ્માતની સ્થિતિ સર્જાઈ હતી. તહેવારનો સમય હોવાથી બસ મુસાફરોથી પૂરેપૂરી ભરેલી હતી. આ બસની આગળ પણ અનેક બાઇક અને કાર જઈ રહ્યાં હતાં. જોકે, બસના ડ્રાઇવરે સમયસૂચકતા અને બહાદુરી દાખવી બસ પર કાબૂ મેળવી તેને રસ્તાની સાઇડમાં આવેલા ખેતરમાં ઉતારી દીધી હતી. ડ્રાઇવરના આ ત્વરિત નિર્ણયને કારણે મોટી જાનહાની ટળી હતી. આ ઘટના બાદ તમામ મુસાફરોને અન્ય બસ મારફતે તેમના ગંતવ્ય સ્થળે સલામત રીતે પહોંચાડવામાં આવ્યા છે.

સોશિયલ મીડિયા પર સસ્તા ટૂર પેકેજની લાલચ આપી નાણાં પડાવ્યા

બોરસદના ફિઝિયોથેરાપિસ્ટ સાથે ₹૧.૬૫ લાખની સાયબર ઠગાઈ

શ્રીલંકા ટૂર પેકેજના નામે ટ્રાવેલ એજન્ટે છેતરપિંડી કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.૪

બોરસદના એક તબીબ માટે દિવાળી વેકેશનમાં પરિવાર સાથે શ્રીલંકા પ્રવાસનું આયોજન કડવો અનુભવ સાબિત થયું છે. સોશિયલ મીડિયા પરથી સસ્તા ટૂર પેકેજની લાલચ આપી એક કથિત ટ્રાવેલ એજન્ટે બોરસદના તબીબ પાસેથી કુલ ૧.૬૫ લાખ ઓનલાઈન પડાવી લઈ કોઈ પણ પ્રકારની ટિકિટ કે બુકિંગ ન આપી ઠગાઈ આચરી હોવાની ફરિયાદ બોરસદ સીટી પોલીસ મથકે નોંધાઈ છે.

બોરસદની ધરતીનગર સોસાયટીમાં રહેતા અને આસોદર ખાતે ફિઝિયોથેરાપિસ્ટ તરીકે ક્લિનિક ચલાવતા ડૉ. વૈભવ ભઈલાલભાઈ પટેલે દિવાળી વેકેશનમાં શ્રીલંકા જવા માટે ઇન્સ્ટાગ્રામ પર સર્ચ કર્યું હતું. તે દરમિયાન તેમનો સંપર્ક ‘ધ ટ્રાવેલ ક્રાફ્ટ’ એજન્સીના સંચાલક અભય રાઠોડ સાથે થયો હતો. આરોપીએ ૬ દિવસના ટૂર પેકેજ પેટે ૧.૬૫ લાખ નક્કી કર્યા હતા અને તાત્કાલિક બુકિંગ કન્ફર્મ કરવા રકમ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું.

આમ, તબીબે વિશ્વાસ રાખી ૨૨મી ઓક્ટોબરના રોજ એક લાખ અને ૨૪મી ઓક્ટોબરના રોજ બાકીના ૬૫ હજાર ગૂગલ પે મારફતે મોકલેલા ક્યૂઆર કોડ પર ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં આરોપીએ માત્ર બીલ મોકલી ૧ નવેમ્બર સુધીમાં ફ્લાઇટ ટિકિટ અને હોટેલ બુકિંગ મોકલવાની ખાતરી આપી હતી. જોકે નિયત તારીખ વીતી જવા છતાં ટિકિટો ન મળતાં અને સંપર્ક તૂટી જતાં તબીબને છેતરાયાનો અહેસાસ થયો હતો.

આ અંગે તબીબે સમગ્ર મામલે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર અરજી કર્યા બાદ બોરસદ સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અભય રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આણંદ જિલ્લામાં સાયબર ક્રાઇમની ઘટના વધી રહી છે.

આણંદ નજીક ક્રેને બાઈકને અડફેટે લેતાં આધેડનું મોત

સિંહોલથી પરત ફરતી વેળાએ રઘુકુલ ફ્લોરા નજીક સર્જાયો અકસ્માત

(પ્રતિનિધિ) આણંદ તા.૪

આણંદના કરમસદ-સંદેસર રોડ પર આવેલી રઘુકુલ ફ્લોરા સોસાયટી નજીક ૩ નવેમ્બરની રાત્રે પૂરઝડપે આવી રહેલી રિકવરી ક્રેને સામેથી આવતા બાઇકને જોરદાર ટક્કર મારતાં એક આધેડનું કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવ સંદર્ભે વિદ્યાનગર પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે ક્રેન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, કરમસદ ઈન્દિરા નગરી પાછળ રહેતા ભરતભાઈ સોલંકી ઉજી નવેમ્બરના રોજ સાંજે પોતાનું બાઇક લઈને સિંહોલ ગામે સંબંધીના ઘરે ગયા હતા. રાત્રિના આશરે ૯ વાગ્યાના સુમારે તેઓ બાઇક પર કરમસદ પરત ફરી રહ્યા હતા, ત્યારે રઘુકુલ ફ્લોરા સોસાયટી પાસે સામેથી આવી રહેલી રિકવરી ક્રેન (નંબર GJ-23-CK-0236) ના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી બાઇક સાથે અકસ્માત સર્જ્યો હતો.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ભરતભાઈને તેમના પુત્ર મિતેશભાઈ સોલંકી તથા સ્થાનિક લોકોએ રિક્ષા મારફતે સારવાર અર્થે તાત્કાલિક કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. વિદ્યાનગર પોલીસે રિકવરી ક્રેન કબજે કરી ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીઠાઇમાં બાઇક સવાર પર ઇંટનો ઘા , હાર્ડવેરની દુકાનમાં તોડફોડ કરી

કઠલાલના પીઠાઈમાં અદાવતમાં બે જૂથો વચ્ચે હિંસક ધીંગાણું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

કઠલાલ તાલુકાના પીઠાઈ ગામમાં અગાઉની બોલાચાલી અને અદાવતની રીસ રાખીને બે જૂથો સામસામે આવી જતાં હિંસક અફરાતફરી મચી જવા પામી છે. બંને પક્ષો દ્વારા લાકડાના ડંડા, લોખંડની ટોમી અને ઈંટો વડે જીવલેણ હુમલો કરી દુકાનમાં ભારે તોડફોડ મચાવવામાં આવી હતી. કઠલાલ પોલીસે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

કઠલાલના પીઠાઈ ગામના ચરા વિસ્તારમાં રહેતા દિપક નરેન્દ્ર પટેલ પરિવાર સાથે ખેતરેથી બાઈક પર પરત ફરી રહ્યા હતા ત્યારે કેનાલ પાસે રાજેન્દ્ર ઉર્ફે રંગો અને પ્રવિણસિંહ ડાભીએ ઈંટનો ટુકડો ફેંકી બોલાચાલી કરી હતી. બાદમાં હર્ષદકુમાર નંદનસિંહ ડાભીએ આવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદાપાટુનો માર માર્યો હતો. આ બોલાચાલીની અદાવતમાં બપોરના સમયે મહેમદાવાદ રોડ પર આવેલી ખોડલ જનરલ હાર્ડવેર અને ટાયર પંચરની દુકાનમાં વિષ્ણુ ડાભી, દીપક ડાભી, ગુણવંત ઉર્ફે ટીકુ ડાભી, રાહુલ ડાભી અને રણજીત ઉર્ફે બાવો ડાભીએ ધસી આવી ભારે તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. સામે પક્ષે હર્ષદકુમાર ડાભીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, અગાઉ પાન-મસાલાના ગલ્લાનું છાપરું તોડી પાડવા બાબતે થયેલી બોલાચાલીની રીસ રાખી હુમલો કરાયો હતો. પાનના ગલ્લા પર ખાટલામાં સૂતેલા રાજેન્દ્રકુમાર પર દિપક પટેલ, જયેશ ઉર્ફે હર્ષ પટેલ, જયેન્દ્ર પટેલ અને મહેન્દ્ર પરમારે બે બાઈક પર આવી લાકડાના ડંડા તથા લોખંડની ટોમી વડે બેફામ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ મારામારીમાં વચ્ચે બચાવ કરવા પડેલા સાહેદોને પણ ઢોર માર મારવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બુલન્સ મારફતે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. કઠલાલ પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે.

કઠલાલની બે દિવ્યાંગ દીકરીની કલા શક્તિ તેમની ઓળખ બની

દિવ્યાંગ હેમાંગીએ યુટ્યુબથી ડાન્સ શીખી ચોંકાવ્યાં, દર્શનાએ માત્ર એક જ હાથથી અનાજની રંગોળી બનાવી

(પ્રતિનિધિ) કઠલાલ તા.૪

કઠલાલ બીઆરસી દ્વારા તાલુકાના ૩૪૦ દિવ્યાંગ બાળકો માટે ટાઉન હોલ ખાતે યોજાયેલા કીટ વિતરણના ભવ્ય કાર્યક્રમમાં બે દિવ્યાંગ બાળાઓએ પોતાની અદ્ભુત કલા પ્રસ્તુત કરીને ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જન્મજાત શારીરિક મુશ્કેલીઓ હોવા છતાં આ બંને દીકરીઓએ પોતાના મક્કમ મનોબળથી અશક્યને શક્ય કરી બતાવ્યું છે.

કઠલાલ તાલુકાના બગડોલ ગામની અને ત્યાંની પ્રાથમિક શાળામાં ભણતી ૧૦ વર્ષની હેમાંગી ડાભીએ કોઈપણ પ્રકારના વ્યાવસાયિક માર્ગદર્શન વગર માત્ર યુટ્યુબના માધ્યમથી ડાન્સ શીખીને સ્ટેજ પર શાનદાર પ્રદર્શન કર્યું હતું.

બીજી તરફ, વાડીની મુવાડી ગામની ૧૨ વર્ષની દર્શના ડાભીએ જન્મજાત એક હાથ ન હોવા છતાં, માત્ર એક હાથ વડે ચોખા, ચણા, બાજરી, મગની દાળ અને ચણાની દાળ જેવા અનાજનો ઉપયોગ કરીને માત્ર અડધા કલાકમાં જ જટિલ અને સુંદર રંગોળી તૈયાર કરી દીધી હતી.

આ બંને બાળાઓની અસાધારણ પ્રતિભા અને અડગ આત્મવિશ્વાસને કપડવંજના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા તેમજ ખેડા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમ દરમિયાન વિશેષરૂપે બિરદાવવામાં આવ્યા હતા.





ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225